Extra No. 260

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 11, 2025 / ASHADHA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૧લી જુલાઈ, ૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૪નો ૧૭/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૩/૫૯૭૫/ સેક્શન-જ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Village Panchayats Election of Sarpanch (Manner of Allotment of Reserved Offices of Sarpanch by Rotation) Rules, 1994

ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૨૦૨૪

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૧૭/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૩/૫૯૭૫/સેક્શન-જ:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ૧૮મા)ની કલમ ૫૧ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૪ હેઠળ બહાર પાડવા ધારેલા નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી, ગુજરાત સરકાર, સદરહુ નિયમોનો મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યક્તિ તરફથી અગ્ર સચિવ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને, જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તેને સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૧૭/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૩/૫૯૭૫/સેક્શન-જ:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ૧૮મા)ની કલમ ૫૧ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) (સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૩)માં, "તાલુકામાં ગ્રામ પંચાયતોના સરપંચના હોદ્દાની કુલ સંખ્યાના દસ ટકા" એ શબ્દોને બદલે, "અધિનિયમની કલમ ૫૧ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)ના પરંતુકોને અધીન રહીને તાલુકામાં ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દાની કુલ સંખ્યાના સત્યાવીસ ટકા" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સિમરન પોપટાણી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.18 16:15:08 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar